# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/57 Dt. 09/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI દ્વારા 'નેશનલ હેન્ડલૂમ ડે' નિમિત્તે 'બીડેઝલ ગિફ્ટ વર્કશોપ' યોજાઈ

સુરત, 08 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી દ્વારા 'નેશનલ હેન્ડલૂમ ડે'ની ઉજવણીના ભાગરૂપે તા. 07 ઓગસ્ટે વેસુ સ્થિત 'મિ. કેફે ધ સ્કાય લાઉન્જ' ખાતે 'બીડેઝલ ગિફ્ટ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશોપમાં આર્ટ એક્સપર્ટ સુશ્રી જીગિષા ચોલેરાએ લાઇવ પ્રેક્ટિકલ સેશન દ્વારા સાદી વસ્તુઓને સુંદર અને પર્સનલાઇઝ્ડ ગિફ્ટમાં પરિવર્તિત કરવાની ડેકોરેટિવ ટેકનિક્સ શીખવી હતી.

રક્ષાબંધનને ધ્યાનમાં રાખીને સહભાગીઓએ વિવિધ રંગો, બીડ્સ અને ડેકોરેટિવ સામગ્રીનો ઉપયોગ કરીને પોતાના હાથથી સુંદર ગિફ્ટ બોક્સ તૈયાર કર્યા હતા. આ સર્જનાત્મક પ્રવૃત્તિ સહભાગીઓ માટે આનંદદાયક અને નવીન અનુભવ બની હતી.

કાર્યક્રમમાં SGCCIના ગ્રુપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ સ્વાગત પ્રવચન કર્યું હતું. એડવાઇઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલાએ વક્તાનો પરિચય કરાવ્યો હતો, જ્યારે કમિટીના ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહે કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. અંતે શ્રી અતુલ પાઠકે આભારવિધિ કરી હતી.